## જન્મદિને વધામણી



ડૉ. પ્રદીપ ગગલાણી
પ્રિન્સિપાલ, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ
મો. ૯૮૨૪૨ ૬૬૧૨૧



અનુષ્કા ભરતભાઈ બાબરીયા
મો. ૯૯૯૮૮ ૪૭૦૨૭



રૂદ્ર જયેશલાલ બારૈયા
મો. ૯૮૨૫૬ ૦૬૦૬૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગાંધીનગર જિલ્લા નાડોદા રાજપૂત સમાજનો સ્નેહમિલન સમારોહ









ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજનો સ્નેહમિલન સમારોહ શેઠ ખીમજી વિસરામ સંસ્કાર ભવન, સૅક્ટર-૨ ૩ ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં વિશિષ્ટ પ્રતિભાઓ તથા તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળા તથા સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. વજુભાઈ વાળાએ સમાજોપયોગી અને સમાજને ઉન્નત કરે તેવા વિચારો રજૂ કર્યા હતા.

આ પ્રસંગે રક્તદાન શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં ૪૦ બૉટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. નાડોદા સમાજના ડૉ. રામસિંહ રાજપૂતનું ભાવનગર યુનિવર્સિટીમાં રજિસ્ટ્રાર તરીકે જોડાવા બદલ, ડૉ. રણછોડ રથવીનું નૅશનલ ઍનઍસઍસ ઍવોર્ડ મેળવવા બદલ અને વનરાજસિંહ પઢારિયાનું નાયબ ઉપસચિવ બનવા બદલ સન્માન આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. સમાજના ૧ હજારથી વધુ જનો આ સમારોહમાં ઉપસ્થિત થયા હતા. જિલ્લા નાડોદા રાજપૂત સમાજના પ્રમુખ કરશનભાઈ ચાવડા, ઉપપ્રમુખ પ્રૉ. બળદેવભાઈ મોરી, મંત્રી હરેન્દ્રસિંહ રાઠોડ તથા સમાજની સમગ્ર ટીમે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી, જેમણે ભોજનદાતા રામભાઈ ખોડાભાઈ ખેર, અતિથિઓ અને સમાજજનો પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

# પુસ્તક પરબમાં રવિવારે જામ્યો પુસ્તક પ્રેમીઓનો મોટો મેળાવડો



ગાંધીનગર, તા. ૪

ગુજરાતી સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે છેલ્લા સવા બે વર્ષથી દર માસના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબ ખાતે રવિવારે પુસ્તકપ્રેમીઓનો મેળાવડો જામ્યો હતો.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી પુસ્તક પરબમાં આવનાર સૌને બે પુસ્તક અને બે મેગેઝીન મફત આપવામાં આવે છે. આ રવિવારે પણ ત્રણસોથી વધુ લોકો પુસ્તક પરબે પોતાની વાચનક્ષુધા તૃપ્ત કરવા માટે આવ્યાં હતાં.

પુસ્તક પરબમાં પ્રજ્ઞાબેન પટેલ, આશા સરવૈયા, રોહા પરમાર, અશોક ત્રિવેદી, મુળજીભાઈ પરમાર, કિશોર જીકાદરા, ધૂર્જટી પ્રજાપતિ, દિશાન્ત ગર્ગ, રમેશચંદ્ર શ્રીમાળી, રણછોડ પરમાર અને સંજય થોરાત પોતાની નિઃસ્વાર્થ સેવાઓ પૂરી પાડે છે.

આ વખતની પુસ્તક પરબમાં જાણીતા કાર્ટુનિસ્ટ ચિપલોનકર દાદાએ મધુરું વાંસળીવાદન કર્યું તો કિશોર જીકાદરાએ ગઝલ પઠન કર્યું હતું. પુસ્તક પરબની પ્રવૃત્તિને બિરદાવવા વી ઍસ ગઢવી, વાગ્મિન બુચ, સમીર રામી, શ્રદ્ધા પંડ્યા જેવા સાહિત્યનાં ભાવકો આવ્યાં હતાં.

પુસ્તક પરબને વિપુલ માત્રામાં પુસ્તકો દાનમાં મળે છે. આ પ્રવૃત્તિ ચલાવતાં સભ્યોએ વિનંતી કરી છે કે ધાર્મિક પુસ્તકો પૂરતા પ્રમાણમાં હોવાથી એ ન આપવા. ગુજરાતી ગદ્ય-પદ્ય અને સાહિત્યની ઋચિ વધારનારાં પુસ્તકો મળે તો પુસ્તક આપનાર અને લઈ જનાર બંનેનો ભાવ જળવાઈ રહે તેમ છે.

# માણસા કૉલેજને ઍનએએસી ગ્રેડ મળ્યો

ગાંધીનગર, તા. ૪

સર્વોદય હાયર ઍજ્યુકેસન સૌસાયટી સંચાલિત ઍસ ડી આટ્ર્સ ઍન્ડ બી આર કૉમર્સ કૉલેજ, માણસાને પ્રથમવાર ઍનએએસીનો બી ગ્રેડ ૨.૨૦ સીજીપીએ સાથે પ્રાપ્ત થયો છે. તાજેતરમાં બીજીવાર ઍનએએસીની ટીમ કૉલેજની મુલાકાતે આવી હતી, જ પછી સીજીપીએ ૨.૭૯ સાથે બી ગ્રેડ કૉલેજને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રક્રિયામાં સહભાગી સૌને આચાર્યા ડૉ. હાસ્યદા પંડ્યા અને કો-ઓર્ડિનેટર ડૉ. ઉદય સી ગોર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા

# આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે યજ્ઞ પ્રશિક્ષણ શિબિર



ગાંધીનગર, તા. ૪

વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા સેક્ટર-૮ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે ધોરણ-૯ની ૨૪ વિદ્યાર્થીનીઓ માટે યજ્ઞ પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી.

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન સંચાલિત વૈદિક પરિવારનાં ગાંધીનગરના પ્રભારી મહેન્દ્રભાઈ ગાંધીએ મુખ્ય પ્રશિક્ષકની કામગીરી સંભાળી હતી. જ્યારે શ્રી ગમનભાઈ પટેલે સહાયક તરીકે સેવાઓ પ્રદાન કરી હતી. ગાંધીનગરનાં વૈદિક પ્રચારક શ્રી અવધેશપ્રસાદ પાંડેય દ્વારા પ્રારંભિક ચાર દિવસો સુધી યજ્ઞના મંત્રોનું શુદ્ધ ઉચ્ચારણ કેવી રીતે કરવું તેનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. શિબિરના સંયોજક અરવિંદભાઈ રાણા હતા.

શિબિરમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. પ્રમાણપત્રો સ્વીકારતા પહેલાં મંચસ્થ અતિથિ મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીનીઓએ સ્વયં યજ્ઞ ક્રિયા સંપન્ન કરી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા વૈદિક પરિવારના શુભચિંતક અને આર્ટ લવર્સ ગૃપના પ્રમુખ બીલ્ડર એવા જગતભાઈ કારાણીએ મંત્રોના શુદ્ધ ઉચ્ચારણ તથા અત્યંત સફળતાપૂર્વક યજ્ઞ કાર્ય જોઈ વિદ્યાર્થીનીઓની તથા પ્રશિક્ષકોની પ્રસંશા કરી આ યજ્ઞ કાર્ય નિયમિત છાત્રાલયમાં ચાલતું રહે તેવી લાગણી વ્યક્ત કરી હતી. શાળાના આચાર્ય કુસુમબહેન ચૌહાણે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે રોટરી કબલ ઓફ કેપિટલનાં પૂર્વ પ્રમુખ અમીબહેન શાહ, વૈદિક પરિવારના મહિલા પ્રચારીકા વર્ષાબહેન દવે સહિત શાળાનાં શિક્ષકોએ ઉપસ્થિત રહી ભાગ લેનાર વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કિ ઍન્ડ કા
૧૨.૩૦, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કુંગ ફુ પાંડા (અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૦૦
કુંગ ફુ પાંડા (હિન્દી)
૧૨.૩૦, ૨.૩૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
કિ ઍન્ડ કા
૧૦.૦૦, ૪.૦૦, ૬.૩૦
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૬**
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૭.૪૫

# સંસ્કૃતિ 'સુમધુર યુગલ ગીતોના સથવારે'




ગાંધીનગર શહેરની સંસ્કૃતિ સંસ્થા દ્વારા તાજેતરમાં 'સુમધુર યુગલ ગીતોના સથવારે' નામક ગીત-સંગીતનો સુંદર કાર્યક્રમ સભ્યો માટે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત હિન્દી ફિલ્મોનાં જે જૂનાં-નવાં યુગલ ગીતો પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં, તે સાંભળીને સભ્યો મસ્તીથી ડોલી ઊઠ્યા હતા. સૌએ એક અવાજે કાર્યક્રમની સરાહના કરી હતી. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# આજે વહાણવટા અને સમુદ્ર દિવસ


**પ્રસંગસર**
આર સી ક્રિશ્ચિયન

મુંબઈના જહાજવાડામાં નિર્માણ પામેલું ઍસ ઍસ લૉયલ્ટી સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપનીનું કાર્ગો વહાણ મુંબઈથી લંડન જવા માટે રવાના થયું હતું. આ ઐતિહાસિક દિનની યાદમાં પાંચમી એપ્રિલને વહાણવટા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપનીનાં માલિક સુમતીબેન મોરારજી કચ્છનાં સુપુત્રી હતાં. પાંચમી એપ્રિલે ગુજરાત મેરીટાઈમ બોર્ડની પણ રચના કરવામાં આવી હતી, તેથી આ દિવસ મેરીટાઈમ બોર્ડના વાર્ષિક દિવસ તરીકે પણ ઉજવાય છે.

મેરીટાઈમ બોર્ડ, ગાંધીનગર ગુજરાતમાં આવેલાં ૪૬ જેટલાં નાનાં અને મધ્યમ કક્ષાનાં બંદરોનું સંચાલન કરે છે. બંદર નીતિના અમલીકરણને કારણે ગુજરાતના દરિયાકાંઠે ૨૯ કેપ્ટીવ જેટીઓ, ૯ ખાનગી જેટીઓ અને પીપાવાવ, મુંદ્રા, હજીરા તથા દહેજ જેવાં ખાનગી બંદરોનો વિકાસ થયો છે.

સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપનીએ ૧૯૪૧માં દેશનો સૌપ્રથમ જહાજવાડો આંધ્રપ્રદેશના ખ્યાત વિશાખાપટ્ટનમમાં બાંધ્યો હતો. ભારતમાં ૩૫ જહાજી કંપનીઝ પૈકી ૧૨ કંપનીઝનું સંચાલન ગુજરાતીઓના હાથમાં હતું. એમાંય કચ્છ-માંડવીનો જહાજવાડો વિશ્વ પ્રસિધ્ધ હતો. લવજી નસરવાનજી વાડિયા(૧૭૩૬-૧૭૯૨)ને માસ્ટર બિલ્ડરનો ઈલકાબ આપવામાં આવ્યો હતો. જહાજી ઉદ્યોગના માલમો અને વહાણવટા વિદ્યાના મનુ મનવંતર એવા ભૂજ નિવાસી ડૉ. મનુભાઈ પાંધીના મતાનુસાર બ્રિટીશ નૌકાદળના સેનાપતિ નેલ્સનનું વહાણ 'નિકલોરી' જે હાલ લંડનના મ્યુઝીયમમાં રાખવામાં આવ્યું છે તે માંડવીના નથુ લધાના જહાજવાડામાં બાંધવામાં આવ્યું હતું. કચ્છના વહાણવટીઓની સાહસિકતા અને વહાણોની મજબૂત બાંધણીના વખાણ આફ્રિકાના પ્રાચીન ગ્રંથ 'ટીબુ ટીબ'માં વાંચવા મળે છે.

ભારતનું વહાણવટું અને તેમાં કચ્છનો ફાળો એ વિષય ઉપર કચ્છ મ્યુઝિયમ, ભૂજમાં યોજાયેલ વ્યાખ્યાનમાં રસપ્રદ માહિતી આપતાં તત્કાલિન ક્યુરેટર, પ્રિન્સ ઑફ વૅલ્સ મ્યુઝિયમ, મુંબઈના ડૉ. કલ્પનાબેન દેસાઈએ જણાવ્યું હતું કે માંડવીના જહાજવાડામાં બનાવેલું 'કોટિયું' વહાણ ટકાઉ અને મજબૂત હતું. ઈંગ્લેન્ડના જહાજવાડામાં બનેલાં વહાણો ૬ વખત ભારત આવ-જા કરતાં હતાં જ્યારે કોટિયું વહાણ ૧૨ વખત આવ-જા કરતું હતું. વળી દરિયામાં ડૂબી ગયેલું કોટિયું ૨૦ વર્ષે બહાર કઢાતાં નવા જેવું જ જોવા મળ્યું હતું.



નાળિયેરી પૂનમથી દરિયાખેડુઓ દરિયો ખેડવાની શરૂઆત કરે છે, ત્યારે ખલાસીઓની સ્ત્રીઓ વહાણના 'ધૂઈરો'ને સિંદૂર લગાવીને પ્રાર્થના કરતી હોય છે, 'હે ભગવાન, અમારા ધણીઓને તારે હવાલે કરીએ છીએ, તું જ્યારે પાળે (કિનારે) આવે ત્યારે અમારા ધણીઓને પાળે લાવજે.' દેશ-દેશાવરની લાંબી સફરે જતાં નાવિક શુકનની મીઠાઈઓ અને સૂકો નાસ્તો લઈ જતા હોવાથી આજે પણ જે તે બંદરોના નામ સાથે કેટલીક મીઠાઈઓ અને વાનગીઓનાં નામ જોડાયેલાં છે, જેમકે -

ખંભાતની સુતરફેણી અને હલવાસન
પોરબંદરની ખાજલીઓ
ભરૂચની ખારી સિંગ
ભાવનગરના ગાંઠિયા
સૂરતની ઘારી
માંગરોળનો નાળિયેરી હલવો

વહાણવટીઓ અભણ હતા પરંતુ વહાણવટી વિદ્યાના પારંગત હતા. અક્ષાંશ-રેખાંશ, આકાશના તારા, પાણીના રંગ ઉપરથી પાણીની ઊંડાઈ, સૂર્ય, ચંદ્ર, નક્ષત્રના આધારે દિશા-ખૂણાનું સ્થાન, ભરતી-ઓટની ગણતરી તથા પક્ષીઓના આધારે દેશ-પ્રદેશનું ચોક્કસ અનુમાન કરતા હતા.

કચ્છના રામસિંગ માલમ હૉલેન્ડ (નેધરલેન્ડ) જઈને મીનાકારીનો હુનર શીખ્યા, બેલ્જીયમમાં જઈ પાંચ વર્ષ રોકાઈ કાચ બનાવવાનો હુનર શીખ્યા અને કચ્છમાં આવી રાજા રાવ લખપતજીના મહેલમાં મીનાકારી તથા માંડવીની રેતીમાંથી કાચ બનાવીને બેનમૂન રંગીન નમૂના બનાવ્યા હતા, જે આજે પણ ભૂજના આયના મહેલમાં જોવા મળે છે. રામસિંગ માલમને 'ધ નેવીગેટર' ઈલકાબ આપવામાં આવ્યો હતો. આફ્રિકાના માલિંદી બંદરે ભૂલા પડેલા વાસ્કો દ ગામાને કાલીકટનો માર્ગ બતાવનાર ગુજરાતી કાનજી માલમ હતા. વાસ્કો દ ગામા પોતાની નોંધ 'કૌના ઈસ-માલો ઈસ'માં નોંધે છે કે 'કાનજી નામનો એક છોકરો વહાણવટામાં આટલી નિપુણતા ધરાવે છે એ અદ્દ્ભૂત કહેવાય.'

અમદાવાદને બંદરીય નગર તરીકે વિકસાવવાના પ્રથમ સ્વપ્નદૃષ્ટા શેઠ રણછોડલાલ છોટાલાલ રેંટિયાવાળાએ ઈસ ૧૯૮૮માં અમદાવાદની સાબરમતી નદીને નેવીગેબલ રીવર તરીકે વિકસાવીને ખંભાતના અખાતનાં પાણી નહેર દ્વારા લાવીને અમદાવાદને બંદરીય વિકાસથી વિશ્વફલક ઉપર મૂકવાનો ભગીરથ પ્રયાસ કર્યો હતો. જો આ શક્ય બન્યું હોત તો આજે અમદાવાદની સૂરત કંઈક ઓર જ હોત. ઉલ્લેખનીય છે કે શેઠ રણછોડલાલે અમદાવાદમાં સૌપ્રથમ સુતરાઉ કાપડની મીલ શરૂ કરી હતી અને તેની મશીનરી લંડનથી ખંભાત બંદરે આવી હતી. ખંભાતથી અમદાવાદ ગાડા વાટે લાવવામાં આવી હતી.

ગુજરાતના વહાણવડાની જાહોજલાલી ભૂંસાઈ ના જાય અને આવનાર પેઢી આ અમૂલ્ય વારસાને જાળવી રાખે એ માટે ડૉ. મનુભાઈ પાંધીએ એક મ્યુઝીયમ બનાવવાનું સૂચન કર્યું છે. ઉલ્લેખનીય છે કે દીવ ખાતે કેપ્ટન દેવજીભાઈ ફુલબારૈયાનું 'સી શૅલ' મ્યુઝીયમ ૩૫ વર્ષથી અદ્દ્ભૂત કલેક્શન ધરીને ઊભું છે.

# લઈ શોધ મારી જ્યારે જગત નીકળ્યું હશે તાલી ગલીમાં મારું પગેરું નીકળ્યું હશે

**રસ્તા વસંતના**
રેખા ભટ્ટ

આપણા ગાંધીનગરની સાહિત્ય સમૃધ્ધિની શી વાત કરવી? ઉજમશી પરમાર આપણા કવિ છે. સૂરીલા કવિ! જેટલી મીઠાશ ભરેલી એમની કવિતાઓ એટલું જ સૂરીલું એમનું ગળું. 'ઘટમાં ઝાલર બાજે' એમનો કાવ્ય સંગ્રહ, એમાંથી લીધેલું આ ગીત.

ગીત વાંચતા હોઈએ તે વખતે જ જાણે એમાંથી ધીમું ધીમું સંગીત સંભળાતું હોય એવી સરસ શબ્દરચના છે અને ભાવવાહી પણ કેટલું બધું!

કવિતા વાંચતા-વાંચતા રાજેન્દ્ર શુક્લ, રાજેશ વ્યાસ યાદ આવી જાય. આપણા કવિઓ પ્રિયતમ અને ઈશ્વર બંનેને એક જ સ્તરે લાવીને મૂકી દે છે. ઈશ્વરની વાત કરતા હોય ત્યારે લાગે કે પ્રિયતમની વાત કરે છે અને પ્રિયતમની વાત કરે તો લાગે કે એ જ એમનો ઈશ્વર છે. મનગમતી વ્યક્તિ મળી જાય એટલે દુનિયા બદલાય છે. મનની અને શરીરની ભાષા બદલાઈ જાય છે. ઘરમાં ઝીણી ઝીણી ઝાલર વાગવા માંડે છે અને સમસ્ત વિશ્વ પણ એ જ સૂરમાં, લયમાં રમતું લાગે છે. છવાઈ જાય છે અંગેઅંગમાં આનંદ અને પગલાંમાં પણ ઉત્સાહ! ઘડીકમાં વાવાઝોડું અને ઘડીકમાં વરસાદ!

દિવસ-રાતનો જાણે કે ભેદ ભુલાઈને હર ક્ષણ પંચમ સૂરમાં ગાતી લાગે છે. ઘડી પહેલાં જે અણજાણ્યું હતું તે સૌથી નીકટનું બની જાય છે. એની આંખોમાંથી મધઝરતી ભાષા જડી જાય છે. મનગમતી વ્યક્તિનો સાથ, એની વાત જ કંઈક ઓર છે. સાવ અચાનક જ હજારો લોકોમાંથી કોઈ એકને જ જોઈને ઉરનાં ઢોલ ઢબૂકવા માંડે છે અને પછી એના સિવાય બીજું કંઈ દેખાતું નથી. કામ ગમે તે દિશાનું હોય પણ પગ આપોઆપ એની ગલીમાં વળી જાય છે અને 'શાંત ઝરુખે વાટ નીરખતી રૂપની રાણી' અલપઝલપ દેખાઈ જાય છે.

આવા જ એક કવિ 'દિલેર બાબુ'ના શબ્દોમાં,

'લઈ શોધ મારી જ્યારે જગત નીકળ્યું હશે, તાલી ગલીમાં મારું પગેરું નીકળ્યું હશે.'

પ્રેમની આ તાકાત છે. કેમકે પ્રેમ પોતે ઉલ્લાસમય હોવાથી જેના હૈયામાં છલકાય તેને થનગનાટ કરતાં કરી મૂકે છે. શાંત વાતાવરણમાં પ્રાણ પૂરી દે છે. પ્રેમની શરૂઆત પોતાના હૈયામાંથી જ થાય છે અને બીજાને પોતાના કરી દેતાં વાર નથી લાગતી.

છતાં કોઈકવાર નાની અમથી વાતમાં વાંકું પડી જાય ત્યારે જે આભમાંથી અમીવર્ષા થઈ હતી ત્યાં અચાનક વાવાઝોડું આવી જાય છે, વીજળી ચમકવા માંડે છે. થોડીવાર પહેલાં જે બધું રંગીન હતું તે અચાનક ધૂંધળું બની જાય છે. ત્યારે જે બ્હાવરાપણું આવે તેમાં લાગે છે કે આકાશ તૂટી કેમ નથી પડતું? ધરતી રસાતાળ કેમ નથી થઈ જતી? ત્યારે આપણા શાહબુદ્દીન હળવાશથી વાત માંડે કે એમ આકાશ-ધરતી ધ્રૂજવા માંડે નહીં... એ ભૂગોળના નિયમ પ્રમાણે જ થાય... અને વળી આકાશને તો આ રોજનું થયું, એમ એ થોડું ધ્રૂજી જાય!

બીજે દિવસે પાછાં રિસામણાં-મનામણાં થાય છે અને ગાડી વળી પાછી પાટે ચડી જાય છે...!

સમય વીતતાં વાર નથી લાગતી. ઉંમર વધતી જાય છે, પણ પ્રિયપાત્રનો ચહેરો સ્મરણમાં રહે છે. ક્યારેક જૂના દિવસો યાદ આવી જાય છે. ખરરર.... કરતાં કેટલાંયે વર્ષો વચ્ચેથી ખરી પડે છે. હૈયું ફરીથી પ્રેમાળ અને યુવાન બની જાય છે. હેમેન શાહના શબ્દોમાં -

કોણ ટહુક્યું ભરબપોરે?
રસ્તે રસ્તે ઠંડક થઈ ગઈ
જૂનાં સ્મરણો પાછાં આવ્યાં
મન વચ્ચોવચ બેઠક થઈ ગઈ!

ઘટમાં ઝાલર બાજે
ઝીણી ઝમઈ ઝાલર ઘટમાં બાજે
ઘડી ઘડી
દુનિયા આખી આજ અનોખા
લયની મેડી ચડી
પગલું મેલ્યે ધરતી ધબકે ઉરના
ઢોલ ધડૂકે
અંધારેયે આંખ માંડતાં શત શત
વીજ ઝબૂકે
ધોમ ધખે ત્યાં અમી તણી આ
વરસી ક્યાંથી ઝડી?
વણદેખી કેડીનાં કામળ કિયે મુલક
લઈ જાતાં
ચડી હિંડોળે વળતાં વ્હાણાં પંચમ
સૂરે ગાતાં
સાવ અજાણી આંખેથી મધઝરતી
ભાષા જડી.

- ઉજમશી પરમાર